# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1) **સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો સરળતાથી ઉપલબ્ધ- લોકસભામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું નિવેદન.**

2) **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, પેટ્રોલ-ડીઝલ અંગે અફવાઓ ફેલાવનાર સામે કાર્યવાહી કરાશે.**

3) **રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ- આજે મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરાઇ.**

4) **આગામી 3 દિવસ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા.**

5) **દેશની સૌથી મોટી રોબો-મેકિંગ સ્પર્ધા ‘રોબોફેસ્ટ ગુજરાત ના પાંચમા તબક્કાનું સમાપન થયું.**

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# LS - PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ છતાં, ભારતમાં કોઈ ઉર્જા સુરક્ષા કટોકટી નથી. શ્રી મોદીએ આજે લોકસભામાં પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર નિવેદન આપ્યું. આ મુદ્દા પર ભારતની સ્થિતિ સ્પષ્ટ કરતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો સરળતાથી ઉપલબ્ધ છે.

(બાઇટ : MODI-ON-PETROLEUM-RESERVES)

# SANGHAVI MEET

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પેટ્રોલ ડીઝલ મામલે કોઈપણ અફવાઓ પર ધ્યાન ન આપવા નાગરિકોને અપીલ કરી છે. આજે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠકમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસ પુરવઠાની સમીક્ષા કર્યા બાદ શ્રી સંઘવીએ કહ્યું, રાજ્ય સરકાર કેન્દ્ર સરકારના સતત સંપર્કમાં છે. તેમણે ઉમેર્યું, પેટ્રોલ પંપ સંચાલકો જો કાળાબજારી કરતા જણાશે તો કડક કાર્યવાહી કરવા સૂચના અપાઈ છે.

(બાઈટ : હર્ષ સંઘવી - નાયબ મુખ્યમંત્રી)

# RAJKOT PETROL-DIESEL

ગુજરાત રાજકોટ જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. રાજકોટ શહેર અને જિલ્લામાં 361 જેટલા પેટ્રોલ પંપો કાર્યરત છે તે તમામ પર ઈંધણનો પુરવઠો યથાવત છે. તેલ કંપનીઓ દ્વારા પણ પુરવઠો નિયમિત રીતે પૂરો પાડવામાં આવી રહ્યો છે. ખોટી માહિતી કે અફવાઓથી ગેરમાર્ગે ન દોરાવા નાગરિકોને જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશે અપીલ કરી છે.

આ મામલે ભરૂચના પૂર્વ ધારાસભ્ય અને પેટ્રોલ પંપ સંચાલક દુષ્યંત પટેલે સ્પષ્ટતા કરી હતી કે ભરૂચ જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને સપ્લાયમાં કોઈ ખામી નથી.તેમણે લોકોને ગભરાયા વિના ધીરજ રાખવા અને ઉતાવળમાં વધુ પેટ્રોલ ન ભરાવવા અપીલ કરી હતી.

# VIDHAN SABHA

ગુજરાત વિધાનસભામાં આજે શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગની 33 હજાર 504 કરોડ રૂપિયાની અંદાજપત્રીય માગણીઓ પસાર કરવામાં આવી. માગણી પર ચર્ચા કરતા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું, ગુજરાત આજે ભારતના શહેરી વિકાસનું 'ગ્રોથ એન્જિન' બન્યું છે. તેમણે જણાવ્યું, મેટ્રો ફેઝ-૩ હેઠળ થલતેજથી ગોધાવી અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી એરપોર્ટ સુધી 58 કિલોમીટરનું વિસ્તરણ કરાશે. ઉપરાંત શહેરોમાં સ્વદેશી ચીજવસ્તુઓના વેચાણને પ્રોત્સાહન આપવા માટે 'નમો સ્વદેશી અર્બન મોલ્સ' બનાવાશે.

# WATER SUPPLY PC

રાજ્યના 14 આદિજાતિ જિલ્લામાં આયોજનબદ્ધ રીતે પાણી વિતરણ કરાશે. ઉપરાંત રાજ્યમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા નવી 40 પ્રયોગશાળા બનાવાશે. આજે ગાંધીનગર ખાતે જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના વર્ષ 2026-27ના અંદાજપત્ર અંગે યોજાયેલી પત્રકાર પરિષદમાં પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલે આ માહિતી આપી. તેમણે જણાવ્યું કે સૌરાષ્ટ્ર અને કચ્છમાં નર્મદા આધારિત બલ્ક પાઇપલાઇનથી 12 જિલ્લા આવરી લેવાયા છે.

# DISTRICT- ELECTIONS

આજે રાજયના ચૂંટણી પંચ દ્વારા રાજયભરના ચૂંટણી અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ માધ્યમથી સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ દરમિયાન આજે પાટણ ,રાજકોટ જિલ્લા પંચાયત અને ગોંડલ નગરપાલિકાની ચૂંટણીની પ્રાથમિક મતદાર યાદી પ્રસિદ્ધિ આજે જાહેર કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લા પંચાયતની 36 બેઠકોની યોજાનાર ચૂંટણીમાં 9 લાખ 56 હજારથી વધુ મતદારો જ્યારે ગોંડલ પાલિકાની ચૂંટણીમાં 44 બેઠકો માટે 81 હજાર 471 મતદારો મતદાન કરશે. પાટણ જિલ્લાના અધિક જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે આ મતદારયાદીઓ જિલ્લા પંચાયત, સંબંધિત તાલુકા, ગ્રામ પંચાયત તથા નગરપાલિકા કચેરીઓ અને સંબંધિત મામલતદારોની કચેરીએ જાહેર નિરીક્ષણ માટે ઉપલબ્ધ રહેશે. મતદારયાદી અંગે કોઈ પણ દાવા-અરજીઓ 27 માર્ચ સુધી રજૂ કરી શકાશે.

# BHAVNAGAR DEMOLITION

ભાવનગરમાં ગુનેગારોના ગેરકાયદે બાંધકામો હટાવવાની કામગીરી શરૂ કરાઇ છે. જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેના માર્ગદર્શનમાં પોલીસે સઘન બંદોબસ્ત વચ્ચે આજે અનેક ગુનેગારના ગેરકાયદે દબાણો દૂર કરી કડક કાર્યવાહી કરી હતી. આ અંગે નાયબ પોલીસ અધિક્ષક આર.આર.  સિંઘલે વધુ માહિતી આપી.

**(બાઇટ : આર.આર.સિંઘલ, DySP)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

DESK

# CM SWAGAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો કાર્યક્રમ 'રાજ્ય સ્વાગત' 25 માર્ચ, બુધવારે યોજાશે. નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો બુધવારે સવારે 8 થી 11 કલાક દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી બપોર બાદ આ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

# WEATHER

**રાજ્યમાં આગામી 3 દિવસમાં તાપમાન 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો**

**વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દરિયાકાંઠાના વિસ્તારમાં પવનની દિશા ઉત્તર પશ્ચિમ રહેશે. હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું, આજે 36.5 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન સાથે રાજકોટ સૌથી ગરમ શહેર બન્યું.**

**(બાઈટ : એ. કે દાસ, નિયામક, હવામાન વિભાગ)**

# AHMEDABAD-ROBO FEST 5.O

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં આજે અમદાવાદની સાયન્સ સિટી ખાતે ‘રોબોફેસ્ટ-ગુજરાતના પાંચમા તબક્કાની ગ્રાન્ડ ફિનાલે યોજાઈ હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ દેશની સૌથી મોટી રોબો-મેકિંગ સ્પર્ધાની વિજેતા ટીમોને કુલ 5 કરોડ રૂપિયાના ઈનામો એનાયત કર્યા હતા. સમાપન સમારોહમાં મંત્રીશ્રીએ આગામી વર્ષ માટે ‘રોબોફેસ્ટ ગુજરાતના છઠ્ઠા તબક્કાનું પણ લોન્ચિંગ કર્યું હતું.

આ પ્રસંગે શ્રી મોઢવાડિયાએ જણાવ્યું હતું કે ગુજરાત આજે ટેકનોલોજી ક્ષેત્રે દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. રાજ્યમાં સેમિકન્ડક્ટર સેક્ટરનો વિકાસ તેનું ઉત્તમ ઉદાહરણ છે. આ સ્પર્ધામાં આઈઆઈટી મદ્રાસ, કાનપુર અને બોમ્બે જેવી દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓએ ભાગ લીધો હતો. આ દરમિયાન એક ઐતિહાસિક સિદ્ધિ તરીકે, સહભાગી ટીમો દ્વારા વિકસાવવામાં આવેલી નવીન ટેકનોલોજી માટે ગુજકોસ્ટના પેટન્ટ ઇન્ફોર્મેશન સેલ દ્વારા એક સાથે 200 થી વધુ પેટન્ટ ફાઈલ કરવામાં આવી, જે વિદ્યાર્થી સ્તરની સ્પર્ધામાં એક નવો રેકોર્ડ છે.

# SHAHID DIVAS

સુરેન્દ્રનગર જિલ્લામાં આજે 'શહીદ દિવસ' નિમિત્તે શહીદ વીર ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવના સર્વોચ્ચ બલિદાનને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી .યુવાનોમાં જાગૃતિ લાવવા અને સામૂહિક શ્રમનું મહત્વ સમજાવવાના હેતુથી ગઇકાલે ‘શ્રમદાન’ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત “માય ભારત, માય રિસ્પોન્સિબિલિટી” વિષયવસ્તુ  પર યોજાયેલ પદયાત્રામાં યુવાનો સ્વચ્છતા, રાષ્ટ્રીય એકતા અને શહીદોના ગૌરવ ગાન કરતા પ્રેરણાદાયી પ્લેકાર્ડ્સ સાથે ઉત્સાહપૂર્વક જોડાયા હતા.Z

બોટાદ જિલ્લા માજી સૈનિક સંગઠન દ્વારા સ્વામિનારાયણ ગુરુકુલ ખાતે શહીદ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું . જિલ્લાના વીર શહીદો  ઉપરાંત દેશ માટે  બલિદાન આપ્યું તેવા શહીદ વીર ભગતસિંહ,રાજગુરુ તેમજ સુખદેવ સહિત અન્ય ક્રાંતિકારીઓને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

# GANDHINAGAR - HOMEGUARDS SPORTS

રાજ્યના હોમગાર્ડઝ અને સિવિલ ડિફેન્સ વિભાગ દ્વારા આયોજિત વાર્ષિક રમતોત્સવ ૨૦૨૫-૨૬નું સમાપન ગાંધીનગરના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે સંપન્ન થયું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે નાગરિક સંરક્ષણ રાજ્ય મંત્રી કમલેશ પટેલે ખેલાડીઓને પ્રેરક ઉદબોધન આપતા કહ્યું કે , મેદાનમાં રહીશું તો બધું જ પ્રાપ્ત થશે, મેદાન છોડનારા કદી જીતતા નથી. હોમગાર્ડઝના કમાન્ડન્ટ જનરલ શ્રી શમશેર સિંહે કહ્યું કે ખેલ મહાકુંભ અને રમતોત્સવ જેવા આયોજનો ૨૦૩૬ ઓલિમ્પિકમાં ભારતના મજબૂત પ્રતિનિધિત્વની પૂર્વતૈયારી છે.

આ રમતોત્સવમાં રાજ્યના ચાર ઝોનમાંથી હોમગાર્ડઝ અને સિવિલ ડિફેન્સના મહિલા તથા પુરુષ ખેલાડીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. બે દિવસ દરમિયાન ૧૦૦, ૨૦૦ અને ૪૦૦ મીટરની દોડ, રસ્સા ખેંચ, ગોળા ફેંક અને વોલીબોલ જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી.

# GANDHINAGAR – SCHOOL OF EXCELLENCE

રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગરના માણસા તાલુકામાં બે કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નિર્મિત 'સ્કૂલ ઓફ એક્સેલન્સ' ભવનનું લોકાર્પણ શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાની ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું. ૧૩૨ વર્ષ જૂની ઐતિહાસિક શ્રી વિહાર પ્રાથમિક શાળાને અત્યાધુનિક સુવિધાથી સજ્જ નવું ભવન પ્રાપ્ત થયું છે.

મંત્રી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, શાળાનું આ નવું ભવન બાળકોના ભવિષ્ય માટેનું શ્રેષ્ઠ રોકાણ છે..તેથી જ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યભરમાં ૫૨ હજારથી વધુ નવાં વર્ગખંડો મંજૂર કરવામાં આવ્યા છે. વિહારમાં હવે આંગણવાડીથી ધોરણ ૧૦ સુધીની ઉત્તમ સુવિધા ઘરઆંગણે ઉપલબ્ધ છે, જે સામાજિક સમરસતા અને વિકાસનું પ્રતિક છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે શાળા માત્ર ઈંટો અને સિમેન્ટનું મકાન નથી, પણ દેશના શ્રેષ્ઠ નાગરિકો ઘડવાનું કેન્દ્ર છે.